

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 180
Dt.: 13-03-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### પડોશી માંગી રહ્યા છે ડીઝલઃ વિદેશ મંત્રાલય

# ઈરાનમાં ફસાયેલા ભારતીયોને હવે સડક માર્ગે બહાર કઢાશે

## ઈરાનમાં લગભગ ૯૦૦૦ ભારતીય નાગરિક હતા અથવા છે, તેમાં વિદ્યાર્થીઓ, નાવિકો, બિઝનેસ કરનારાઓ, પ્રોફેશનલ અને કેટલાક પ્રવાસીઓ સામેલ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના મામલે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર અને ઈરાનના વિદેશમંત્રી વચ્ચે તાજેતરમાં જ ત્રણ વખત વાતચીત થઈ છે. બંને વચ્ચે જહાજોની સુરક્ષા અને ભારતની ઊર્જા સુરક્ષા મુદ્દે વાત થઈ હતી.

જયસ્વાલે કહ્યું કે, 'ભારત સરકાર મધ્ય-પૂર્વમાં ફસાયેલા ભારતીયોની મદદ કરી રહી છે. સરકાર અજરબૈજાન અને આર્મેનિયા જવા ઈચ્છતા ભારતીય નાગરિકોની પણ મદદ કરી રહી છે. આ નાગરિકો કોમર્શિયલ ફ્લાઈટમાં ઘરે પરત ફરવા ઈચ્છે છે, તેથી અમે તેઓને વિઝા અપાવવામાં મદદ કરી રહ્યા છીએ. અમે તેઓને સરહદ પાર કરવામાં પણ મદદ કરી રહ્યા છે.'

તેમણે કહ્યું કે, 'ઈરાનમાં લગભગ ૯૦૦૦ ભારતીય નાગરિક હતા અથવા છે. તેમાં વિદ્યાર્થીઓ, નાવિકો, બિઝનેસ કરનારાઓ, પ્રોફેશનલ અને કેટલાક પ્રવાસીઓ સામેલ છે. ત્યાં ફસાયેલા કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ ઘરે પહોંચી ગયા છે. સરકારે તેહરાનમાંથી અનેક ભારતીય નાગરિકોને અન્ય સુરક્ષિત સ્થળે અને શહેરોમાં લઈ જવાઈ રહ્યા છે. હું આ વિકટ પરિસ્થિતિ વચ્ચે તે તમામ ભારતીય નાગરિકોને સલાહ આપું છું કે, જે નાગરિકો સરહદી રસ્તે ઈરાન છોડવા ઈચ્છે છે, તેઓ અમારી એમ્બેસી દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈનનું પાલન કરે.'

રણધીર જયસ્વાલે અનેક દેશોમાં ક્રૂડ ઓઈલની ચાલી રહેલી કટોકટી અંગે પણ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'હાલ અનેક દેશો તેલ સંકટનો સામનો કરી રહ્યા છે, જેના કારણે પડોશી દેશો ભારત પાસે ડીઝલ માંગી રહ્યા છે.' ઈરાન માત્ર ઈઝરાયલ પર જ નહીં પડોશી દેશો પર પણ હુમલાઓ કરી રહ્યું છે. ઈરાને પોતાનો હોર્મુઝ જળમાર્ગ બંધ કરીને વિશ્વભરને મોટો ઝટકો આપ્યો છે. અનેક દેશો માટે અતિ મહત્ત્વના આ જળમાર્ગ પર હુમલા થઈ રહ્યા હોવાના કારણે જહાજોનું નિકળવું પણ મુશ્કેલ બની ગયું છે.

ઈરાન શરૂઆતથી જ કતાર અને સંયુક્ત આરબ અમીરાત સહિતના તેલ પ્લાન્ટો પર સતત હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે ક્રૂડ ઓઈલનો સપ્લાય અટકી પડ્યો છે. હોર્મુઝ જળમાર્ગેથી પણ પસાર થતો તેલ સપ્લા અને ગેસ સપ્લાય મોટાભાગને બંધ થઈ રહ્યો છે, જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં ગેસ અને પેટ્રોલ કટોકટી જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા-ઈઝરાય અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં મધ્ય પૂર્વના દેશોમાં ભારતીયો સહિત અનેક વિદેશી નાગિરકો ફસાયા છે, ત્યારે ભારત સરકારે ભારતીય નાગરિકો સહિત વિદેશી નાગિરકોની પણ મદદ કરી રહી છે. યુદ્ધના આજે ૧૩મો દિવસ છે, ત્યારે આ સંઘર્ષમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા હોવાની પણ સામે આવી છે.

બીજીતરફ ઈરાન માત્ર ઈઝરાયલ સાથે જ નહીં મધ્ય-પૂર્વના દેશો પર પણ હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે મધ્ય-પૂર્વમાં પણ ગંભીર પરિસ્થિતિ ઉભી થવાની સાથે વેપાર સપ્લાય ચેનને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

# કોઈ પણ સભ્યને નિયમથી બહાર જઈને બોલવાનો અધિકાર નથીઃ લોકસભામાં બોલ્યા ઓમ બિરલા

### મેં હંમેશા એવો પ્રયાસ કર્યો છે કે ગૃહની અંદર દરેક સભ્ય નિયમો અને પ્રક્રિયા અનુસાર પોતાના વિચારો વ્યક્ત કરે : ઓમ બિરલા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવને નીચલા ગૃહમા ફગાવી દેવામાં આવ્યા બાદ, આજે ઓમ બિરલાએ ફરીથી લોકસભાનીની કાર્યવાહીનું સંચાલન સંભાળ્યું. આ દરમિયાન તેમણે અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વિપક્ષી સાંસદો દ્વારા લગાવવામાં આવેલા આરોપોનો સ્પષ્ટ અને નિયમબદ્ધ જવાબ આપ્યો.



નિયમો અને પ્રક્રિયા પર ભાર મૂકતાં ઓમ બિરલાએ કહ્યું કે, ગૃહમાં કોઈપણ નેતા – ભલે તે વડાપ્રધાન હોય કે વિપક્ષના નેતા તેમને નિયમો અને પ્રક્રિયા મુજબ જ બોલવા દેવામાં આવે છે. રાહુલ ગાંધીને કોઈ વિશેષાધિકાર નથી અને કોઈને પણ નિયમોથી બહાર જઈને બોલવાનો અધિકાર નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "સદન નિયમોથી જ ચાલે છે અને ભવિષ્યમાં પણ નિયમો તથા પ્રક્રિયા અનુસાર જ ચાલશે – ભલે કોઈ સંમત હોય કે અસંમત હોય."

ઓમ બિરલાએ કહ્યું કે, આ સદન ૧૪૦ કરોડ નાગરિકોની સાર્વભૌમ ઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે, મેં હંમેશા એવો પ્રયાસ કર્યો છે કે ગૃહની અંદર દરેક સભ્ય નિયમો અને પ્રક્રિયા અનુસાર પોતાના વિચારો વ્યક્ત કરે. તેમણે કહ્યું કે, જ્યારે પણ લોકમતના કોઈ મુદ્દાની ચર્ચા થાય છે, ત્યારે ભલે તે વડાપ્રધાન હોય કે મંત્રીઓ હોય, તેમને નિયમ ૩૭૦ હેઠળ અધ્યક્ષની પૂર્વાનુમતિ લેવી પડે છે. ઓમ બિરલાએ કહ્યું કે કોઈ સભ્યને નિયમોથી બહાર જઈને બોલવાનો અધિકાર નથી. તેમણે કહ્યું કે આપણા દેશમાં નિયમોનું સન્માન કરવાની સમૃદ્ધ પરંપરા રહી છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં પણ સદન નિયમ અને પ્રક્રિયાથી જ ચાલશે – ભલે કોઈ સંમત હોય કે અસંમત હોય. સમાવેશી અભિગમ અપનાવતાં બિરલાએ જણાવ્યું કે, તેમણે તમામ સભ્યોને સમય આપવાનો પ્રયાસ કર્યો છે. જે સભ્યો સંકોચ કરે છે કે બોલતા નથી, તેમને તેઓ પોતાની ચેમ્બરમાં બોલાવીને બોલવા માટે પ્રેરિત કરે છે. તેમણે કહ્યું કે, "સદનમાં બોલવાથી સદન મજબૂત થાય છે. આ સદન વિચારોની ચર્ચાનું જીવંત મંચ રહ્યું છે અને સંમતિ તથા અસંમતિની પરંપરા અહીં હંમેશા રહી છે."

અવિશ્વાસ પ્રસ્તાવ વિશે વાત કરતાં ઓમ બિરલાએ કહ્યું કે, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વિપક્ષના કેટલાક સભ્યોએ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી હતી. તેમણે તેને સ્વીકારીને ખુદ સદનની કાર્યવાહીમાંથી દૂર રહ્યા હતા. ચર્ચા દરમિયાન અનેક વિચારો અને ભાવનાઓ સમક્ષ આવી, જેમાં સમર્થન અને આલોચના બંનેનો સમાવેશ થયો. તેમણે બધાની વાત ગંભીરતાથી સાંભળી અને આભાર વ્યક્ત કર્યો.

છેલ્લે તેમણે ભાવુક અંત કરતાં કહ્યું કે, "આ આસન કોઈ વ્યક્તિનું નથી, આ ભારતની લોકશાહી પરંપરા, સંવિધાનની ભાવના અને મહાન પરંપરાનું પ્રતીક છે. મેં તે મર્યાદા અને પરંપરાને મજબૂત કરી છે. સંસ્થાઓ, મર્યાદાઓ અને પરંપરાઓ સ્થાયી રહે છે." તેમણે સદન દ્વારા વ્યક્ત કરાયેલા વિશ્વાસ બદલ તમામનો આભાર માન્યો.

# દેશના અલગ અલગ ભાગોમાં એક સાથે ૪ સાયક્લોનિક સિસ્ટમ એક્ટિવઃ ૭ દિવસ ભારે વરસાદ અને કરા પડવાની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે આગામી દિવસોમાં ક્યાંય બહાર જવાનો પ્લાન બનાવી રહ્યા છો, તો પહેલા હવામાન વિભાગની આ ચેતવણી ખાસ વાંચી લેજો. દેશના હવામાનમાં ખૂબ મોટો પલટો આવવાનો છે કારણ કે હાલમાં દેશના અલગ-અલગ ભાગોમાં એક-બે નહીં પરંતુ પૂરા ચાર ચક્રવાતી પરિભ્રમણ (સાયક્લોનિક સર્ક્યુલેશન) સક્રિય છે.

એટલું જ નહીં, ૧૪ માર્ચ ૨૦૨૬ થી એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષેપ) પણ સક્રિય થવા જઈ રહ્યું છે જે ઉત્તર-પશ્ચિમ ભારતને સીધી અસર કરશે. આ તમામ સિસ્ટમ્સ ભેગી થવાને કારણે દેશમાં આગામી સાત દિવસ સુધી ભારે વરસાદ, વાવાઝોડું અને કરા પડવાની હવામાન વિભાગે ચેતવણી આપી છે. ચાલો વિગતે જાણીએ કે કયા રાજ્યમાં ક્યારે વરસાદ ખાબકશે અને હવામાન કેવું રહેશે.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખઃ ૧૩ અને ૧૪ માર્ચે અહીંના ઘણા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષાની સંભાવના છે. ખાસ કરીને ૧૩ માર્ચે અમુક જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. ત્યારબાદ ૧૩ થી ૧૭ માર્ચ સુધી પણ છૂટોછવાયો વરસાદ કે હિમવર્ષા ચાલુ રહેશે.

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડઃ ૧૩ થી ૧૭ માર્ચ દરમિયાન આ બંને રાજ્યોમાં અલગ-અલગ સ્થળોએ હળવો વરસાદ કે બરફવર્ષા થઈ શકે છે. ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં ૧૩ અને ૧૪ માર્ચે કરા પડવાની ચેતવણી પણ અપાઈ છે. પંજાબ, હરિયાણા અને ચંદીગઢઃ ૧૪ થી ૧૬ માર્ચ દરમિયાન હળવા વરસાદ અને વાવાઝોડાની સાથે જોરદાર પવન ફૂંકાવાની શક્યતા છે.

રાજસ્થાન અને ઉત્તર પ્રદેશઃ રાજસ્થાનમાં ૧૪ અને ૧૫ માર્ચે, જ્યારે ઉત્તર પ્રદેશમાં ૧૫ અને ૧૬ માર્ચે વાતાવરણ પલટાશે અને ગાજવીજ સાથે પવન અને વરસાદ જોવા મળી શકે છે.

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભઃ ૧૩ થી ૧૫ માર્ચ સુધી વિદર્ભ અને છત્તીસગઢમાં છૂટોછવાયો હળવો વરસાદ પડી શકે છે. પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ૧૪-૧૫ માર્ચે અને પૂર્વ મધ્ય પ્રદેશમાં ૧૫ માર્ચે વરસાદની સાથે જોરદાર પવન ફૂંકાશે.

બિહાર, ઝારખંડ અને ઓડિશાઃ ઝારખંડમાં ૧૩-૧૪ માર્ચે, બિહારમાં ૧૫-૧૬ માર્ચે અને ઓડિશામાં ૧૧, ૧૨ તેમજ ૧૫ થી ૧૭ માર્ચ દરમિયાન ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.

૧૧ થી ૧૭ માર્ચ દરમિયાન પૂર્વોત્તર ભારતમાં મોટાભાગની જગ્યાઓએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ખાસ કરીને આસામ અને મેઘાલયમાં ૧૨ થી ૧૪ માર્ચ વચ્ચે ભારે વરસાદની આગાહી છે, અને ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન ૩૦-૪૦ કિમી/કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં પણ છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ કે હિમવર્ષા થઈ શકે છે.






# ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ ભડકે બળ્યુંઃ બ્રેન્ટ ક્રૂડ $100ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં 7%નો જંગી ઉછાળો આવતા કિંમત $100 પ્રતિ બેરલને પાર પહોંચી છે. કિંમતો ઘટાડવા માટે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા 40 કરોડ બેરલ તેલ છોડવાના નિર્ણય છતાં ભાવ કાબૂ બહાર છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ટેન્કરોની અવરજવર સંપૂર્ણ ઠપ થતા સપ્લાય ચેઈન ખોરવાઈ હતી. પર્સિયન ગલ્ફ અને હોર્મુઝમાં ત્રણ જહાજો પર પ્રોજેક્ટાઈલ હુમલા થતા જોખમ વધ્યું છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા વૈશ્વિક બજારમાં ક્રૂડના ભાવ ઘટાડવા માટે 40 કરોડ બેરલનો સ્ટોક ખુલ્લો મુકવાના નિર્ણય છતાં આજે 12 માર્ચે ક્રૂડ ઓઈલની કિંમતોમાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. ઈરાન-અમેરિકા યુદ્ધ શરૂ થયા બાદ બીજી વખત બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ $100 પ્રતિ બેરલની સપાટી વટાવી ચૂક્યું છે, જ્યારે WTI ક્રૂડ પણ $94 પર પહોંચ્યું છે. નિષ્ણાતોના મતે, માત્ર તેલનો જથ્થો બજારમાં લાવવાથી સમસ્યા હલ નહીં થાય. સૌથી મોટો પડકાર સ્ટ્રેટ ઓફ હોર્મુઝ માં સર્જાયેલો ઈરાની અવરોધ છે. આ રૂટ પર્સિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડે છે અને વિશ્વનો મોટાભાગનો રિફાઈન્ડ ઓઈલ તથા જેટ ફ્યુઅલનો જથ્થો અહીંથી જ પસાર થાય છે. હાલમાં અહીં ટેન્કરોની અવરજવર સંપૂર્ણપણે બંધ હોવાથી વૈશ્વિક સપ્લાય ખોરવાઈ ચુક્યો છે. બંને દેશો હાલ વાટાઘાટોના મૂડમાં જણાતા નથી. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ઈરાને યુદ્ધવિરામ માટે શરત મૂકી છે કે અમેરિકા અને ઈઝરાયલ ભવિષ્યમાં તેના પર હુમલો નહીં કરે તેવી ખાતરી આપે અને નુકસાનનું વળતર ચૂકવે. જોકે, અમેરિકા આ શરતો સ્વીકારે તેવી શક્યતા નહિવત છે.

### PFIએ મોનાલિસાનું લવ જેહાદ કરાવ્યું : સનોજ મિશ્રા

# ડાયરેક્ટર સનોજ મિશ્રાને મળી જાનથી મારી નાખવાની ધમકી

### માથું ધડથી અલગ કરી દઈશું, મોનાલિસાને ફિલ્મમાં તક આપનાર ડાયરેક્ટરને જાનથી મારી નાખવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહાકુંભથી સોશિયલ મીડિયા પર પ્રખ્યાત થયેલી મોનાલીસા હાલ ઘણી ચર્ચામાં છે. તેણે પોતાની પ્રેમી ફરમાન ખાન સાથે હિંદુ રીતિ-રિવાજ પ્રમાણે લગ્ન કરી લીધા છે. જેને લઈને લોકો તેના લગ્નને લવ જેહાદનું નામ આપી રહ્યા છે. જોકે આ મુદ્દે મોનાલીસાએ મીડિયા સામે આવીને ખુલાસાઓ પણ કર્યા કે તેણે ધર્મ નથી બદલ્યો અને તે હજુ હિંદુ છે. જોકે મોનાલીસાના લગ્નના નિર્ણયથી તેની ફિલ્મના ડાયરેક્ટર સનોજ મિશ્રાએ ચોંકાવનારા દાવાઓ કર્યા છે. તેમણે તેના લગ્નને લવ જેહાદનું નામ આપ્યું છે. સાથે જ તેમણે એવું પણ કહ્યું કે મેનેજરે મોનાલિસાનો સોદો કરી નાખ્યો છે.

આ મામલે હવે ડાયરેક્ટર સનોજ મિશ્રાને ધમકીઓ મળી રહી છે. જેને લઈને તેમણે સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો છે. પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોસ્ટ કરીને ડાયરેક્ટર સનોજ મિશ્રાએ જણાવ્યું કે "મને માથું ધડથી અલગ કરી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે.

PFIએ જાળ પાથરીને મોનાલિસાનું લવ જેહાદ કરાવ્યું છે." આપને જણાવી દઈએ કે PFI એક ઈસ્લામિક રાજનૈતિક સંસ્થા છે. સનોજની આ પોસ્ટ જોઈને સોશિયલ મીડિયા પર યુઝર્સની ચિંતા વધી ગઈ છે. યુઝર્સ સનોજ મિશ્રાને સપોર્ટ કરીને મોનાલિસાને ટ્રોલ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે મોનાલિસાએ ડાયરેક્ટર સાથે સારું નથી કર્યું. સનોજે આ પહેલા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે તેમણે કેટલી મુશ્કેલીથી ફિલ્મ બનાવી હતી જેને લઈને તેને ખોટા કેસમાં જેલમાં પણ નાખી દેવામાં આવ્યા હતા. બીજી તરફ મીડિયા સાથે વાત કરતા મોનાલિસાએ કહ્યું કે "મારા લગ્ન હિંદુ રીતિ-રિવાજ પ્રમાણે થયા છે. આ લવ જેહાદ નથી. હું બધા ધર્મોનું સન્માન કરું છું અને બધા ધર્મોને સમાન માનું છું. વધુમાં તેણે જણાવ્યું કે મારા માતા-પિતા તેના લગ્ન ફોઈના છોકરા સાથે કરાવવા માગતા હતા." જોકે તેણે આ મામલે સ્પષ્ટ ના પાડી દીધી. મોનાલિસાએ કહ્યું, "હું તેની સાથે લગ્ન ન કરી શકું કારણ કે ફોઈનો છોકરો તો મારો ભાઈ થાય." આ સિવાય મોનાલિસાએ એવું પણ કહ્યું કે તે તેના પિતાને કાલે મળી હતી અને તેઓ અહીંયા આવ્યા હતા. હાલ તેઓ થોડાક નારાજ છે, પણ હું તેમને જલ્દી મનાવી લઈશ.

મોનાલિસાના પતિ ફરમાને પણ ધર્મપરિવર્તનના આરોપોને નકાર્યા અને તેણે કહ્યું કે "અમારામાંથી કોઈએ પણ પોતાનો ધર્મ નથી બદલ્યો. આજે પણ મોનાલિસા હિંદુ છે અને હું મુસલમાન છું." સાથે જ તેણે કહ્યું કે "પ્રેમમાં ધર્મ બદલવાની કોઈ જરૂર નથી હોતી. લગ્ન મોનાલિસાની ઈચ્છા પ્રમાણે હિંદુ રીતિ-રિવાજ પ્રમાણે થયા છે." ફરમાને એ વાતનો પણ ખુલાસો કર્યો કે તેણે મોનાલિસાનું પ્રપોઝલ નહોતું સ્વીકાર્યું. જોકે બાદમાં મોનાલિસાની જીદ પર તે રાજી થયો. ફરમાને જણાવ્યું કે તે ઉત્તર પ્રદેશના બાગપતના રહેવાસી છે.

ઉલ્લેખનીય છે કે મોનાલિસાની ઉંમરને લઈને ઘણા સવાલો ઉઠી રહ્યા હતા. જેથી ફરમાને તેનું આધાર કાર્ડ અને જન્મનું પ્રમાણપત્ર રજૂ કર્યું. જેના મુજબ મોનાલિસા ૧૮ વર્ષની છે. ફરમાને મોનાલિસાનું આધાર કાર્ડ, પાન કાર્ડ અને જન્મનું પ્રમાણપત્ર મીડિયા સામે દાખવ્યું. જેમાં તેનો જન્મ ૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ થયો હતો. જેને લઈને ફરમાને કહ્યું કે મોનાલિસા પુખ્ત વયની છે.

